# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

> ડિપ્લોમા, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ દ્વારા ડુપ્લીકેટ માર્કશીટ, ટ્રાન્સક્રીપ્ટ, નોટીફિકેશન, પી.ડી.સી. માઈગ્રેશન તથા ડિગ્રી સર્ટિફિકેટ જારી કરવા એફીડેવીટની રકમમાં સુધારો કરવા બાબત.

વંચાણે લીધો: તા. ૨૯/૦૭/૨૦૨૨ના રોજ વિદ્યાપરિષદની ૫૮મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૫૮.૧૮

## -: જાહેરનામું :-

આથી સબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટીની તા. ૨૯/૦૭/૨૦૨૨ના રોજ વિદ્યાપરિષદની ૫૮મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૫૮.૧૮થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે, સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી, સ્ટેમ્પ અને નોંધણી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં પરીપત્ર નં.સ્ટેમ્પ/કાયદા/ફા.નં.૬૮/૨૦૧૯/૧૨૪૯૫-૬૧૫, તા.૦૫.૦૮.૨૦૧૯ થી ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની અનુસૂચિ-૧ માં ફેક્સ સ્ટેમ્પ ડ્યુટીનો દર ધરાવતા આર્ટીકલોના સુધારેલ દર મુજબની નોટરી/એફીડેવીટ મેળવી ડિપ્લોમા, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓને ડુપ્લીકેટ માર્કશીટ, ટ્રાન્સક્રિપ્ટ, નોટીફીકેશન, પી.ડી.સી., માઇગ્રેશન, તથા ડિગ્રી સર્ટિફિકેટ જારી કરવા વિદ્યાપરિષદ દ્વારા મંજૂરી આપવામાં આવે છે."

જા.નં.આકૃયુ/રજી/પરીક્ષા/યુ.જી.-૨/ ૩૯૧૯-૨૫ /૨૦૨૨

તા.૦૨/૦૮/૨૦૨૨

કુલસચિવ

નકલ સવિનય રવાના પ્રતિ :

(૧) વિદ્યાપરિષદના સર્વે સભ્યશ્રીઓ તરફ જાણ સારૂં.
(૨) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂં.
(૩) તમામ ડીન/આચાર્યશ્રીઓ તરફ જાણ સારૂં.
(૪) સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિભવન, પોડીયમ લેવલ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર તરફ જાણ સારૂં.

નકલ રવાના :

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૨) કુલસચિવશ્રીના અંગત મદદનીશ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૩) આ વિભાગની એકેડેમીક (મીટીંગ) શાખા તરફ જાણ સારૂં. (૧૦ નકલ)
(૪) આ વિભાગની તમામ શાખાઓ તરફ

નં. સ્ટેમ્પ/કાયદા/ફા.નં.૬૮/૨૦૧૯ ૨૨૯૦-૯૫

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
પહેલો માળ, ખ-૫, સેકટર-૧૪,
ગાંધીનગર.
તા.૬ /૦૮/૨૦૧૯

વંચાણે લીધાઃ- (૧) ગુજરાત સ્ટેમ્પ (સુધારા) અધિનિયમ ૨૦૧૯ (અધિ.નં.૧૨ સને ૨૦૧૯)
(૨) મહેસૂલ વિભાગના તા.૦૩/૦૮/૨૦૧૯ના જાહેરનામા નં.જીએચએમ- ૨૦૧૯-૬૬-એમ-એસટીપી-૧૨૨૦૧૯-૧૦૩૬-હ.૧

પરીપત્રઃ-

રાજ્ય સરકારે ગુજરાત સ્ટેમ્પ (સુધારા) અધિનિયમ ૨૦૧૯ (અધિ.૧૨ સને ૨૦૧૯) થી ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની અનુસૂચિ-૧ ના જુદા જુદા આર્ટીકલો પૈકી જે આર્ટીકલ માટે ફીકસ સ્ટેમ્પ ડયુટીના દરો નકકી થયેલ છે, તેવા આર્ટીકલોના લેખો ઉપર સ્ટેમ્પ ડયુટીના દરોમાં નીચેની વિગતોએ સુધારો કરવામાં આવેલ છે. આ સુધારેલ દરો મહેસૂલ વિભાગના વંચાણ (૨)ના જાહેરનામાથી તા.૦૫/૦૮/૨૦૧૯થી અમલમાં મૂકવામાં આવેલ છે. જેથી, તા.૦૫/૦૮/૨૦૧૯થી સુધારેલ દરો મુજબ સ્ટેમ્પ ડયુટી ભરપાઇ કરવામાં આવે તેની તમામ સબ રજીસ્ટ્રારશ્રી, નોંધણી નિરીક્ષકશ્રી તથા નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકનતંત્રએ તકેદારી રાખવા તેમજ તેઓના કાર્યક્ષેત્રના વિસ્તારની મહેસૂલી કચેરીઓ, નાણાંકીય ધિરાણ કરતી સંસ્થાઓ તેમજ જયાં પણ આવા દસ્તાવેજોનો ઉપયોગ થતો હોય તેવી કચેરી/ સંસ્થાઓને જાણ કરવા વિનંતિ છે. **ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની અનુસૂચિ-૧માં ફીકસ સ્ટેમ્પ ડયુટીનો દર ધરાવતા આર્ટીકલોના સુધારેલ દર નીચે મુજબ છે.**

| આર્ટીકલ નંબર | લેખનો પ્રકાર | હાલનો અમલી દર (રૂપિયામાં) | તા૦૫/૦૮/૨૦૧૯ થી લાગુ પડતો દર (રૂપિયામાં) |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૨ | વહીવટી-ખંત | ૧૦૦/- | ૩૦૦/- |
| ૩. | દત્તકપત્ર | ૧૦૦/- | ૨૦૦/- |
| ૪. | સોગંદનામું | ૨૦/- | ૫૦/- |
| ૫ (ઝ) | કબુલાત – અન્યથા જોગવાઇ કરી ન હોય તો | ૧૦૦/- | ૩૦૦/- |

| આર્ટીકલ નંબર | લેખનો પ્રકાર | હાલનો અમલી દર (રૂપિયામાં) | તા.[illegible]/૦૮/૨૦૧૯ થી લાગુ પડતો દર (રૂપિયામાં) |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૯ | સત્તા વાપરીને કરેલી નિમણુંક<br>વિલ ન હોય એવા કોઈ લેખથી કરી હોય ત્યારે,<br>(ક) ટ્રસ્ટીઓની<br>(ખ) જંગમ અથવા સ્થાવર મિલકતના | <br><br>૧૦૦/-<br>૧૦૦/- | <br><br>૩૦૦/-<br>૩૦૦/- |
| ૧૦ | દાવો ચાલતો હોય તે દરમિયાન કોર્ટના હુકમ હેઠળ કરવાનું હોય તે સિવાય બીજી રીતે કરેલી આકારણી અથવા મૂલ્યાંકન | ૧૦૦/- | ૩૦૦/- |
| ૧૧. | એપ્રેન્ટીસશીપ લેખ | ૧૦૦/- | ૩૦૦/- |
| ૧૩. | એવોર્ડ (ચુકાદો) | ૧૦૦/- | ૩૦૦/- |
| ૧૬ | રદ કરવાનો લેખ | ૧૦૦/- | ૩૦૦/- |
| ૧૯ | પતાવટખત | ૧૦૦/- | ૩૦૦/- |
| ૨૧ | નકલ અથવા ઉતારો | ૧૦૦/- | ૩૦૦/- |
| ૨૨ | સામો લેખ અથવા બીજી નકલ | ૧૦૦/- | ૩૦૦/- |
| ૨૩ | કસ્ટમ બોન્ડ અથવા એકસાઈઝ બોન્ડ | ૧૦૦/- | ૩૦૦/- |
| ૨૫ | છૂટાછેડા બાબતનો લેખ | ૧૦૦/- | ૩૦૦/ |
| ૨૯ | હામીખત ઇન્સ્પેકટરશીપ ખત. | ૧૦૦/- | ૩૦૦/- |
| ૩૨ | બાંયધરી પત્ર (લેટર ઓફ ગેરન્ટી) | ૧૦૦/- | ૩૦૦/ |
| ૩૩. | લાઈસન્સ પત્ર | ૧૦૦/- | ૩૦૦/ |
| ૩૪ | લગ્ન નોંધણી | ૧૦૦/- | ૨૦૦/- |
| ૩૫ | કંપનીનું મેમોરન્ડમ ઓફ એસોસીએશન<br>(ક) તેની સાથે કંપની અધિનિયમ ૨૦૧૩ ની કલમ- ૧૦ હેઠળ આર્ટિકલ્સ ઓફ એસોસીએશન હોય તો, | <br>૧૦૦/- | <br>૩૦૦/ |
| ૩૮ | નોટરીનું લખાણ | ૨૦/- | ૫૦/- |
| ૩૯ | ચિઠ્ઠી અથવા યાદી,<br>(જ) સરકારી જામીનગીરીની | ૧૦૦/- | ૩૦૦/ |
| ૪૧ | વહાણના માસ્ટરે કરેલ નોટ ઓફ પ્રોસ્ટેટ | ૧૦૦/- | ૩૦૦/ |
| ૪૪ | ભાગીદારી<br>(૨) (ખ) પેટા-ખંડ (ક)માં ઉલ્લેખેલા કારણ સિવાયના અન્ય કોઈ કારણના પરીણામે ભાગીદારીની રચનામાં કોઈ ફેરફારનો લેખ | <br>૧૦૦/- | <br>૨૦૦/- |
| | (૩) (ખ) બીજા કોઈ પ્રસંગે | ૧૦૦/- | ૨૦૦/- |

| આર્ટીકલ નંબર | લેખનો પ્રકાર | હાલનો અમલી દર (રૂપિયામાં) | તા૦૫/૦૮/૨૦૧૯ થી લાગુ પડતો દર (રૂપિયામાં) |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૪૫ | મુખત્યારનામું:- (ક) એક જ લેવડ દેવડના સંબંધમાં એક અથવા વધુ દસ્તાવેજ રજીસ્ટર કરવાના હેતુ માટે અથવા એવો એક કે વધારે દસ્તાવેજ કરી આપવાનું કબૂલ કરવાના હેતુ માટે કર્યું હોય ત્યારે, | ૧૦૦/- | ૩૦૦/ |
| ૪૫ | (ખ) 'પ્રેસીડન્સી સ્મોલ કોઝ કોર્ટ અધિનિયમ ૧૮૮૨' હેઠળ દાવા અથવા કાર્યવાહીમાં જોઈતું હોય ત્યારે, | ૧૦૦/- | ૩૦૦/ |
| | (ગ) ખંડ (ક) માં જણાવેલી બાબત સિવાય બીજી એક જ લેવડ દેવડમાં કામ કરવા માટે એક અથવા વધારે વ્યકિતઓને તે ઉપરથી અધિકાર આપવાનો હોય ત્યારે, | ૧૦૦/- | ૩૦૦/ |
| | (ઘ) એક જ લેવડ દેવડમાં અથવા સામાન્યતઃ એકામતે એકાજતે કામ કરવા માટે પાંચ કરતાં વધારે નહીં એટલી વ્યકિતઓને તે ઉપરથી અધિકાર આપવાનો હોય ત્યારે | ૧૦૦/- | ૩૦૦/ |
| | (ચ) એક કરતાં વધારે લેવડ દેવડમાં અથવા કામ કરવા માટે પાંચ કરતાં વધારે, પણ દસ કરતાં વધારે નહી એટલી વ્યકિતઓને તે ઉપરથી અધિકાર આપવાનો હોય ત્યારે, | ૧૦૦/- | ૩૦૦/ |
| | (છ) (૨) અવેજ વગર અથવા યથાપ્રસંગ કોઈ અવેજ બતાવ્યા વિના સ્થાવર મિલકતના વેચાણ ને અથવા તેની તબદીલીને અધિકૃત કરતી વખતે<br>(ક)પિતા, માતા, ભાઈ, બહેન, પત્ની, પતિ, પુત્ર, પુત્રી, પૌત્ર, પૌત્રીને આપવામાં આવી હોય ત્યારે, | ૧૦૦/- | ૩૦૦/ |
| | (ઝ) બીજા કોઈપણ પ્રસંગે | ૧૦૦/- | ૩૦૦/ |
| ૪૬ | બિલ ઓફ પ્રોસ્ટેટ અથવા નોટ ઓફ પ્રોસ્ટેટ | ૧૦૦/- | ૩૦૦/ |
| ૪૭ | વહાણમાં માસ્ટરનો પ્રોસ્ટેટ | ૧૦૦/- | ૩૦૦/ |
| ૪૮ | ગીરો મૂકેલી મિલકતનું ફેરમાલીકી ફેર ખત | ૧૦૦/- | ૩૦૦/- |
| ૪૮-ક | રેકોર્ડ/ ટ્રાન્ઝેકશન<br>(ક) સરકારી જામીનગીરીની લે-વેચ સંબંધી | ૧૦૦/- | ૩૦૦/- |

| આર્ટીકલ નંબર | લેખનો પ્રકાર | હાલનો અમલી દર (રૂપિયામાં) | તા:૦૫/૦૮/૨૦૧૯ થી લાગુ પડતો દર (રૂપિયામાં) |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૪૯ | ફારગતિ<br>(અ) વારસાગત મિલકત અથવા તેના ભાગનો ફારગતિ લેખ, દાવો છોડી દેનારના ભાઈ અથવા બહેન (દાવો છોડી દેનારના માતાપિતાના બાળકો) અથવા પુત્ર અથવા પુત્રી અથવા પૂર્વ મૃત્યુ પામેલા પુત્રનો પુત્ર (પૌત્ર) અથવા પૂર્વ મૃત્યુ પામેલા પુત્રની પુત્રી (પૌત્રી) અથવા પિતા અથવા માતા અથવા લગ્નસાથી અથવા ઉપરના સંબંધોના કાયદેસરના વારસદારોએ કરેલ હોય અથવા તેમની તરફેણમાં કરવામાં આવેલ હોય તો. | ૧૦૦/- | ૨૦૦/- |
| ૫૧. | જામીનખત અથવા ગીરોખત | ૧૦૦/- | ૩૦૦/ |
| ૫૫ | પટ્ટો છોડી દેવાનો લેખ | ૧૦૦/- | ૩૦૦/- |
| ૫૬ | તબદીલી<br>(ખ) બોન્ડ, ગીરોખત, અથવા વીમાની પોલીસી ઉપરથી તારણ આપેલ કોઈ હિતની | ૧૦૦/- | ૩૦૦/ - |
| | (ગ) 'એડમિનિસ્ટ્રેટર જનરલ અધિનિયમ ૧૯૬૩' ની કલમ ૨૨ હેઠળની કોઈ મિલકતની | ૧૦૦/- | ૩૦૦/ - |
| | (ઘ) એક ટ્રસ્ટી પાસેથી બીજા ટ્રસ્ટીને અથવા ટ્રસ્ટી પાસેથી હિતાધિકારીને અવેજ વગર કરેલી કોઈ ટ્રસ્ટની મિલકતની | ૧૦૦/- | ૩૦૦/ - |
| ૫૮ | ટ્રસ્ટ<br>(ક) વિલ ન હોય એવો કોઈ લખાણ ઉપરથી કરવામાં આવ્યું હોય, ત્યારે કોઈ મિલકતના અથવા તે અંગેના ટ્રસ્ટની જાહેરાત<br>(ખ) કોઈ મિલકતના અથવા તે અંગેનું ટ્રસ્ટ વિલ, સિવાયના કોઈપણ લેખ ઉપરથી રદ કરવું. | ૧૦૦/-<br><br>૧૦૦/- | ૩૦૦/-<br><br>૩૦૦/- |

(દિનેશ પટેલ આઈ.એ.એસ.)
સુપ્રિ. ઓફ સ્ટેમ્પસ
અને
નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,

(૧) નાયબ કલેકટરશ્રી,
સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકનતંત્ર, ( તમામ)

(૨) પ્રાન્ત અધિકારીશ્રી, ( તમામ)

(૩) નોંધણી નિરીક્ષકશ્રી તથા સબરજીસ્ટ્રારશ્રી (તમામ) (મારફત- નાયબ નોંધણી સર નિરીક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર

(૪) મુખ્ય સ્ટેમ્પ નિરીક્ષકશ્રી (વીજીલન્સ) તમામ ........

(૫) તમામ શાખા અધિકારીશ્રી, સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સની કચેરી / નોંધણી સર નીરીક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ જયભારત સહ રવાનાઃ-

(૧) નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ, હ.૧ શાખા, સચિવાલય, ગાંધીનગર.

(૨) કલેકટરશ્રી તમામ, ...............

નકલ રવાનાઃ- (૧) અધિક સુપિ. ઓફ સ્ટેમ્પ્સશ્રી, ગુ.રા. ગાંધીનગર.
(૨) નાયબ સુપિ. ઓફ સ્ટેમ્પ્સશ્રી, ગુ.રા. ગાંધીનગર.
(૩) નાયબ નોંધણી સર નિરીક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર